## વડીલોને વંદન અભિનંદન



ઈન્દિરાબેન વાલજીભાઈ પટેલ
(૧૯૩૧)ફોનઃ ૨૩૨૨૧૬૫૦



જેઠાભાઈ ગણેશભાઈ જાદવ
(૧૯૪૦)મો.૯૮૨૪૪૭૬૨૭૫



પદ્માબેન અમરીશભાઈ પરમાર
(૧૯૪૪)

## દુઃખદ અવસાન

શ્રી અરવિંદભાઈ ડી. દેસાઈ (રીટાયર્ડ આઈએએસ)નું અવસાન તા. ૨૮-૧૧-૨૦૧૨ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૦-૧૧-૨૦૧૨ (શુક્રવાર)ના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે પ્લોટ નં. ૨૩૩, સેક્ટર-૭ એ, ગાંધીનગર ખાતે રાખેલ છે.

# સિદ્ધપુરમાં કાર્તિકી પૂનમનો ભવ્ય લોકમેળો ભરાયો

ઊંઝા, તા. ૨૯

ભારત વર્ષના હિન્દુતિર્થ સ્થળોમાં માતૃગયા તરીકે જાણીતા સિદ્ધક્ષેત્ર સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના તટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે કાર્તિકી પૂનમનો ભવ્ય લોક મેળો યોજાયો હતો.

કાત્યોકના હુલામણા નામથી ઓળખાતા આ મેળામાં દેવ દિવાળીના રોજ કુંવારીકા યાને પવિત્ર સરસ્વતી નદીમાં સ્નાનનું મહત્વ હોઈ હજારો શ્રદ્ધાળુઓએ નદીના સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. દેવોના માસાળ, સંતો, ઋષિમુનીઓ તેમજ આનર્તના અવધૂત પૂજ્ય દેવશંકર બાપાની પવિત્ર ભૂમિ એવા માતૃ તિર્થમાં પૂનમના રોજ સરસ્વતી નદીની સાથે ગંગા અને યમુનાના પવિત્ર જળનો સુભગ ત્રિવેણી સંગમ થાય છે. આ દિવસે નદીના જળમાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે. તેવો હિન્દુ શાસ્ત્રોમાં ઉલ્લેખ હોવાથી મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરાણ ઉમટ્યો હતો.

આ મેળામાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યમાંથી પધારેલા ભાવિકજનો શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યા બાદ ઘણા શ્રદ્ધાળુઓ યાત્રિકોએ પોતાના મૃત સ્વજનોના મોક્ષ માટે બ્રાહ્મણો પાસે તર્પણ વિધિ કરી હતી. અત્રેના સુપ્રસિદ્ધ બિંદુ સરોવમરાં પણ અસંખ્ય શ્રદ્ધાળુઓએ શ્રાદ્ધ પીંડ અર્પણ કર્યા હતા. આ ઉપરાંત પૂનમની રાત્રે નદીના જળમાં દિવડાઓ તરતાં મુકવામાં આવ્યા હતા.

વૈદિક સંસ્કૃતિના અતિપ્રાચીન નગરની નદીના કિનારે સદીઓથી ભરાતાં આ મેળામાં દર વર્ષે શ્રદ્ધાળુઓ અને યાત્રિકોની સંખ્યા વધતી જાય છે. શ્રદ્ધા અને ભક્તિના અનેરા વાતાવરણમાં ઉત્તર ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકજનો ઉમટ્યા હતા.

આ મેળામાં ઊંટ, ઘોડા, ગધેડા જેવા જાનવરોનું બજાર ભરાય છે. જેમાં ઊંટની સૌથી વધુ લે-વેચ થાય છે. જાનવરોના બજારમાં રાજસ્થાનમાંથી સારી ઓલાદના ઊંટો અત્રે વેચાણ અર્થે આવે છે. જેની ઊંચી કિંમત બોલાય છે. વધુમાં લીલી શેરડીનું મોટા પાયે વેચાણ થાય છે. ગુજરાતમાં હવે નજીકના એક બીજા સ્થળેથી માલોની હેરફેર કરવામાં ઊંટ લારીનો ઉપયોગ ઘણો ઓછો થયો છે અને તેનું સ્થાન લોડિંગ રીક્ષાઓ મિની ટ્રકોએ લેતાં આની ઊંટ બજાર પર અસર પડી છે. મેળાને અનુલક્ષીને પાલનપુર અને મહેસાણા એસ.ટી. વિભાગ તરફથી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી.

# પાલનપુરમાં લૂંટાયેલ મુંબઈગરાની લૂંટનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાંચ એસ.ઓ.જી. : બે ઝડપાયા

પાલનપુર, તા.૨૯

પાલનપુરમાં ગત સપ્તાહે રેલવે સ્ટેશન બહાર પાર્કીંગમાં રીક્ષા સ્ટેન્ડ પર આવીને એક મુંબઈગરા યુવકે લાલ બંગલા જોડે જવાનું કહેતા રિક્ષાવાળાએ ભાડુ કહેલ દરમિયાન ત્યાં નજીકમાં ઉભેલા એક શખ્સે મારે ત્યાં જ જવું છે. ચાલ મારી સાથે તેમ કહી પહેલી જ વાર પાલનપુર આવેલ મૂળ મેસર, તા. પાટણનો રહેવાસી પટેલ સેંધાભાઈ ભેરાભાઈને ચાલતા ચાલતા રેલવેલાઈન તરફ લઈ ગયેલ. ત્યાં રસ્તામાં અજાણ્યા શખ્સ સાથે મળીને મુંબઈવાસી યુવકને પકડી બે મોબાઈલ ફોન અને રોકડા રૂ. ૩૮૦૦ લૂંટી નાસી છુટેલ તે અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવેલ.

આ લૂંટ કેસની તપાસ એસ.પી. અશોક યાદવના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ. રબારી-ક્રાઈમ બ્રાંચ પી.આઈ. રબારી જી.આર. અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીએસઆઈ એચ.એમ. ગઢવીને આદેશ કરતા તેમની ટીમે કામે લાગી જતાં ગણત્રીના દિવસોમાં આ લૂંટનો ભેદ ઉકેલી દેવાયો હતો.

આ અંગે મોડી સાંજે વિગતો આપતા પોલીસ સૂત્રો દ્વારા મળેલ વિગતોનુસાર પાલનપુરમાં ગત તા. ૨૪મી નવેમ્બર-૨૦૧૨ના રોજ રેલવે સ્ટેશને થયેલ લૂંટ અંગે એલસીબીની ટીમના વડા કાનજીભાઈ, એચપીસી પ્રવિણસિંહ, એચપીસી પ્રકાશભાઈ અને પીસી સલીમખાને ચોકકસ ખાનગી બાતમી અને મોબાઈલ ફોનને આધારે લૂંટ કરનારાઓએ બે મોબાઈલ લૂંટેલા આજે પાલનપુર શહેરના માનસરોવર રેલવે ફાટક બહાર અગ્રસેન સોસાયટી પાછળ માં વેચવા ફરતાં બલરામ ઉર્ફે છોટીયો ગોવિંદભાઈ શ્રીમાળી રહે. ખોડીયારનગર-પાલનપુર અને લખનપુરી ઉર્ફે લક્ષ્મણ પોપટપુરી ગોસ્વામી રહે. તાજપુરા, પાલનપુર આદર્શનગર નામનાને ઝડપી લીધા હતા.

તેમના જોડેથી બે મોબાઈલ ફોન અને રૂ. ૧૮૦૦૦ જપ્ત કરી આગળની કાર્યવાહી માટે પૂર્વ પોલીસ સ્ટેશન પી.આઈ. રબારીને સોંપેલ છે.

### મુંબઈ કારોબારી જંગી ખરીદી કરી ફરાર

# સુરતમાં હીરા કારોબારીઓને કુલ ૫૫ કરોડનો ફટકો પડ્યો

## એક હીરા કારોબારીએ ૯૦ કરોડની રકમ ચૂકવવામાં નિષ્ફળતા દર્શાવતા ઘણા કારોબારીઓને થયેલું નુકસાન

સુરત,તા. ૨૯

મુંબઈ સ્થિત એક હીરા કારોબારી દ્વારા ૯૦ કરોડ રૂપિયાની રકમ મામલે ડિફોલ્ટ રહેતા સમગ્ર સુરત શહેરમાં ખળભળાટ મચી ગયો છે. આ વેપારી ૯૦ કરોડની ચૂકવણી મામલે સફળ રહ્યો નથી. ઉદ્યોગના સૂત્રોનું કહેવું છે કે આશરે ૧૫ હિરા કારોબારીઓ અને અન્યો લોકોએ આ મામલામાં જંગી રકમ ગુમાવી છે. મહિધરપુરા અને વરાછા માર્કેટમાં વેપારીઓને ભારે નુકસાન થયું છે.

બે દિવસ અગાઉ તેની ગ્રાન્ટ રોડ ઓફિસથી મુંબઈ સ્થિત હીરા કારોબારી ફરાર થઈ ગયો છે. એવું જાણવા મળ્યું છે કે આ કારોબારીએ મર્ચન્ટ અને ડાયમંડ મેન્યુફેક્ચર્સ પાસેથી ૧૨૦ દિવસની ક્રેડિટ પર ૫૫ કરોડની કિંમતના પોલીસ્ડ ડાયમંડની ખરીદી કરી હતી. છેલ્લા ઘણા મહિનાથી આ કારોબારી રોકડમાં ખરીદી કરી રહ્યો હતો. એકાએક જ આ કારોબારીએ ૧૨૦ દિવસની ક્રેડિટ ઉપર ખરીદી કરી હતી. ઘણા ડાયમંડ મર્ચન્ટ દ્વારા મહારાષ્ટ્રમાં તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. રાજસ્થાનમાં પણ તેની શોધખોળ ચાલી રહી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આપવામાં આવેલી માહિતી મુજબ ઊંડી તપાસ યથાવત્ રીતે ચાલી રહી છે. સુરત ડાયમંડ એસોશીએશનના વરિષ્ઠ હોદ્દેદારે કહ્યું છે કે વર્ષ ૨૦૧૨ના ડિફોલ્ટ તરીકેનો આ બનાવ છે. બજાર ઉપર આની નકારાત્મક અસર થશે. સુરતમાં ઘણા લોકો જંગી રકમ ગુમાવી ચૂક્યા છે.

### જંગ લડશે...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા સવારે ૧૦.૩૦ કલાકે બાયડ ટાઉનહોલ ખાતે પહોંચી ગયા બાદ કાર્યકરો સાથે ઉમેદવારી પત્ર ભરવા જવા રવાના થશે.**

**શ્રી શંકરસિંહ વાઘેલા કપડવંજ પહોંચી કાર્યકરો સાથે વિજયમુહૂર્તમાં કપડવંજ ચૂંટણી અધિકારી સમક્ષ પોતાની ઉમેદવારી નોંધાવશે. ૧૯૭૫માં શ્રી શંકરસિંહ વાઘેલા તેમનો સૌપ્રથમ ચૂંટણી જંગ કપડવંજ બેઠક પરથી લડ્યા હતા અને સંસદમાં પહોંચ્યા હતા.**

**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા સાબરકાંઠા જિલ્લાની મેઘરજ માલપુર બેઠક પરથી ૨૦૦૭માં વિજય બની વિધાનસભામાં પ્રવેશ્યા હતા. આ પૂર્વે તેમણે ગાંધીનગર જિલ્લા પંચાયતની બેઠક પર બિનહરિફ વિજય મેળવી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ નોંધનીય સેવાઓ આપી હતી. નવા સીમાંકનમાં તેમની બેઠકનો મોટા ભાગનો હિસ્સો બાયડ સાથે સાંકળવામાં આવતાં તેમની આ બેઠક માટે પસંદગી કરવામાં આવી છે.**

### ઉમેદવારીપત્રો...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

**ગાંધીનગર (દ) બેઠક પર પટેલ સંતોષકુમાર હરગોવિંદભાઈ, ગાંધીનગર (ઉ) બેઠક પર જનતાદળ(યુ)ના રબારી અમૃતભાઈ નારાયણભાઈ અને માણસા બેઠક પર ઠાકોર બાબુજી શંકરજીનો સમાવેશ થાય છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ બેઠકો પર અત્યાર સુધી જે ઉમેદવારીપત્રો ભરાયા છે તેમાં ગાંધીનગર (ઉ) બેઠક માટે ૪, દહેગામ બેઠક માટે ૨, ગાંધીનગર (દ) બેઠક માટે ૨, માણસામાં ૬ અને કલોલમાં ૧૨ ઉમેદવારીપત્રો ભરાયા છે. આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે અને મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષો ભાજપ કોંગ્રેસ તેમજ પરિવર્તન પાર્ટીએ તેમના ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. જિલ્લામાં હાલની રાજકીય સ્થિતિ જોતાં ૫૦ જેટલા ઉમેદવારો જંગમાં ઝુકાવે તેવી શક્યતાઓના નિર્દેશ રાજકીય વર્તુળોમાંથી સાંપડી રહ્યા છે.**

### કોંગ્રેસની ત્રણ બેઠકો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

**પસંદગી કરવામાં આવી છે જેઓ હાલ અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ડિરેક્ટર છે.**

**માણસા બેઠક પરના ઉમેદવારની પસંદગી આજે મોડી રાત સુધીમાં થઈ જશે તેવી સંભાવનાઓ છે. આ બેઠક માટે શ્રી અમીત ચૌધરી અને શ્રી સુરેશ પટેલ વચ્ચે તીવ્ર સ્પર્ધા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.**

### નજીવી તકરારમાં એકને ઈજા

હિંમતનગર, તા.૨૯

આગિયોલ ગામમાં પગદંડી રસ્તા ઉપર મુકેલ સિમેન્ટનું ભુંગળું ખસેડવા જેવી નજીવી બાબતે તકરાર થતાં લાકડી તેમજ લોખંડની પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનું ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ છે.

### પ્રભુતામાં પગલા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

**ખર્ચા કરે છે ત્યારે પલકે લીધેલો નિર્ણય ખરેખર અનુકરણીય છે. વૃધ્ધાશ્રમના વડીલોના આર્શીવાદ મળી રહે તે માટે દક પરિવારે ખાસ વાહનની સુવિધા ઉપલબ્ધ કરાવી હતી. વળી લગ્નમાં ચાંદલાની જે રકમ આવે તે પણ આ વડીલોના કલ્યાણ માટે આ વૃધ્ધાશ્રમમાં આપી દેવાનું નક્કી કરાયું છે.**

**આ લગ્ન સમારંભને પ્રથમ હરોળમાં જ બેસીને માણી રહેલા વૃધ્ધા રંભાબેન ત્રિવેદી કહે છે કે અમને તો પલકના લગ્નનો ખુબ હરખ છે. છેલ્લા ઘણા દિવસોથી અમારા વૃધ્ધાશ્રમની માજીઓ લગ્નગીતોની તૈયારીઓ કરી રહી હતી. બસમાં અહીં આવ્યા ત્યાં સુધી અમે મન ભરીને લગ્ન ગીતો ગાયા. જાણે અમારી પોતાની દિકરીના લગ્નમાં હાજરી આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. મંજુબેન જૈન કહે છે કે, પલક અને તેના પરિવારે અમરી જે આગતા સ્વાગતા કરી છે અને જે આદર આપ્યો છે તે ખુબ અદભૂત છે. વડીલોના આર્શીવાદ તેને ચોકકસ ફળશે અને તેનું દાંપત્યજીવન પ્રેમથી મઘમઘી ઉઠશે.**

# ગુજરાતભરમાં ઠંડીનું પ્રમાણ યથાવત : વલસાડ ૧૧.૧ ડિગ્રી

## સમગ્ર રાજ્યમાં લઘુત્તમ તાપમાન અમદાવાદમાં ૧૧.૩, ગાંધીનગર ૧૨.૬, ડીસા ૧૩.૭, ભાવનગર ૧૪.૫ ડિગ્રી

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહ્યું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી વલસાડમાં ૧૧.૧ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૧.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૫૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૪ ટકા નોંધાયું હતું. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહ્યું છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીને કારણે શહેરમાં બેવડી ઋતુને કારણે શરદી, તાવ અને ઉધરસના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૪.૮, રાજકોટમાં ૧૫.૨, સુરતમાં ૧૬.૨, ભુજમાં ૧૯.૨, ભાવનગરમાં ૧૪.૫, નલીયામાં ૧૫.૫, ડીસામાં ૧૩.૭, અમરેલીમાં ૧૪.૭, ગાંધીનગરમાં ૧૨.૬, મહુવામાં ૧૪.૯, દીવમાં ૧૪.૧, વલસાડમાં ૧૧.૧ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## તાપમાનનું ચિત્ર


| | |
|---|---|
| અમદાવાદ | ૧૧.૩ |
| વડોદરા | ૧૪.૮ |
| રાજકોટ | ૧૫.૨ |
| સુરત | ૧૬.૨ |
| ભૂજ | ૧૯.૨ |
| નલિયા | ૧૫.૫ |
| ભાવનગર | ૧૪.૫ |
| દ્વારકા | ૨૦.૦ |
| ઓખા | ૨૩.૬ |
| પોરબંદર | ૧૫.૩ |
| વેરાવળ | ૧૭.૩ |
| દિવ | ૧૪.૧ |
| ડિસા | ૧૩.૭ |

### કામના પ્રેશરથી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

**કર્મચારીઓ-અધિકારીઓ ત્યાં દોડી ગયા હતાં. જોયું તો તેમની કચેરીનાં જ અધિકારીએ મોતને વ્હાલું કરી લીધું હતું. જિલ્લા કલેકટર તથા ઉચ્ચ પોલિસ અધિકારીઓ પણ ઘટનાની જાણ થતા સ્થળ પર દોડી આવ્યા હતાં. સે-૭ પોલીસ મથકના સેક. પી.આઈ. પી.ટી. બોદરે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં ચુંટણી દરમિયાન વધુ પડતા કામના રહેતા ભારણથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. સે-૭ સેકન્ડ પી.આઈ. બોદરના જણાવ્યા મુજબ નાયબ મામલતદાર કોઈ સામાજીક કારણોસર મહિનાથી ડીપ્રેશનમાં રહેતા હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે આ સંબંધે તટસ્થ તપાસ શરુ કરી છે.**

## શબ્દાવલી - ૪૯૦૯



### આડી ચાવી

૧. સપ્તાહ, સાત દિવસ (૫)
૪. હાથનું ઘરેણું (૨)
૬. મોકો, તક (૨)
૭. સુગંધ (૩)
૮. દારૂ (૩)
૧૦. રાતનું ભોજન (૩)
૧૩. બેસવાની ગાદલી (૩)
૧૫. સન્માન, ... કરવો (૩)
૧૭. આકાશ, અંબર (૪)
૧૮. નમન, ... કરવા (૩)
૧૯. કોઈના નસીબે લખાઈ જવું, ... પડવો (૩)
૨૦. શરીરની વિચાર કરતી ઈન્દ્રિય (૨)
૨૧. ...થી ખેતર ખેડાય (સાધન) (૨)

### ઊભી ચાવી

૧. જુદુ, અલગ (૪)
૨. ચોર, ઠગી જનાર (૨)
૩. દોરેલી જુદી જુદી ભાત (૪)
૪. લાડવા બનાવવા પહેલા મુઠિયાનું ... કરવું પડે (૩)
૫. ઘુમ્મટ આકારનું (૨)
૮. કૂવાવાળુ ખેતર (૨)
૯. માણસ, પુરૂષ (૨)
૧૧. જંગલ (૩)
૧૨. સંગ્રહીત વસ્તુને મ્યુઝિયમમાં મુકવી તે (૪)
૧૩. દિલ... હૈ (હિન્દી ફિલ્મ) (૩)
૧૪. સંમેલન, ફંકશન (૪)
૧૫. માનવ, પ્રથમ પુરૂષ (૩)
૧૬. ક્રિકેટનો સ્કોર...માં પુછાય (૨)
૧૭. વ્યાધિ, ઉપાધિ (૩)

### શબ્દાવલી ૪૯૦૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અગનગોળો (૪) આગ (૬) પુર (૭) મંથન (૮) સસલુ (૯) રોનક (૧૩) હરખઘેલુ (૧૫) મશહૂર (૧૭) દુલાર (૧૮) નખશીખ (૨૦) માહીર (૨૧) જાડી

**ઊભી ચાવી :-** (૧) અણસારો (૨) નપુસક (૩) ગોરસ (૪) આથત (૫) ગન (૧૦) નરેશ (૧૧) સુખદુઃખ (૧૨) વલુર (૧૩) હરખ (૧૪) ઘેલા (૧૫) મહિમા (૧૬) હૂનર (૧૯) શીદ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT · Kisan · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન